अथश्रीविष्णुरूप नवग्रहस्तोत्रं

શ્રીદત્ત પ્રસન્ન.

પ્રિય સજ્જનો તથા વૈષ્ણવો, આપ એ વાત જાણોજ છો કે હંમેશા પ્રત્યેક મનુષ્યને ગ્રહોની અનુકૂલતા તથા પ્રતિકૂલના હોય છે. કેટલીક વખતે એકાદ અથવા વધારે ગ્રહોની પ્રતિકૂલતા હોવાથી મનુષ્યને આધિવ્યાધની પીડા થાય છે, તેથી તે ગ્રહોની અનુકૂલતા માટે શાસ્ત્રાનુસાર જપ, દાન તથા ગ્રહસ્તોત્રના પાઠ વગેરે બ્રાહ્મણોદ્વારા કરાવવામાં આવે છે. પરંતુ તે કર્મ બનતાં સુધી પોતેજ કરવું જોઇએ તો તેનું પુણ્ય બીજા માણસ પાસેથી કરાવવાં કરતાં વિશેષ છે. ગ્રહાદિકોની અનુકૂલતા તથા પ્રતિકૂલતા પરમાત્માની અનુકૂલતા તથા પ્રતિકૂલતાપર આધાર રાખે છે. માટે દરેક માણસ હંમેશાં જો આ સ્તોત્રનો પાઠ કરે તો પરમાત્માની અનુકૂલતા થઇ તે ગ્રહદ્વારા આપણા આધિવ્યાધિ દૂર થાય. કારણ કે ગ્રહાદિકોનો અંતરાત્મા પરમાત્મા છે. આપણે હંમેશાં જે જે દેવતાની ઉપાસના કરીએ છીએ તેને છોડીને સંકટ સમયે બીજા દેવતાની સ્તુતી વગેરે કરીએ છીએ તેથી ભક્તિ વ્યભિચરિત થાય છે તે ન થાય અને ગ્રહાદિકોની પણ અનુકૂલતા થાય એવી રીતે આ સ્તોત્રની રચના કરેલી છે. એટલે એક શ્લોકમાં ગ્રહ અને તેનો અંતરાત્મા જે વિષ્ણુ એ બંનેને લાગુ પડતો અર્થ વર્ણન કરી સ્તુતિ કરેલી છે. અને કેટલાક સજ્જનોના કહેવાપરથી ટુંકમાં [illegible]રાતી અર્થ કરી પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ સ્તોત્ર પ્રાસાદિક [illegible] ક્ષણમાં હરિનાથ નામક ભગવદ્ભક્ત કવિ થઇ ગયા. તેમનું આ રચિત [illegible] મારા નિત્ય પાઠમાં છે તેમજ આપને કથામાં વિસ્તારથી વ્યા[illegible] તાવેલું છે. મારા અનુભવ પ્રમાણે આપ સજ્જનો જો આ સ્તો[illegible] તો પરમાત્માની અનુકૂલતા થઇ ગ્રહોની પણ અનુકૂલતા થઇ [illegible]વ્યાધિથી દૂર થશો એજ

સુરત
તા. ૨[illegible] } દત્તાત્રે[illegible] સાતારકર [illegible] ૨૦

श्रीदत्त : श

अथ विष्णुरूप नवग्रहस्

सर्वागमस्थितिजुषे । नगलष्ट-
कर्त्रे कराहितरसाय तमोविहन्त्रे ।
पद्मानुरंजनकराय गवामवित्रे
तस्मै नमोऽस्मि हरये करवाण्यजस्रम् ॥ १ ॥

સૂર્યપક્ષ—સર્વ વેદ શાસ્ત્રોમાં સ્થિતિને ધારણ કરનાર, ચંદ્ર તથા મંગળનું ઇષ્ટ કરનાર, પોતાના કિરણોથી જલ ગ્રહણ કરનાર એટલે કિરણો વડે જલને શોષનાર, અંધકારનો નાશ કરનાર, કમલોને પ્રફુલ્લ કરનાર, કિરણોનું પાલન કરનાર એટલે ધારણ કરનાર એવા સૂર્યને હું નિરંતર નમન કરૂં છું.

કૃષ્ણપક્ષ—સર્વ વેદોમાં જેની સ્થિતિ છે એવા, બ્રાહ્મણોનું કલ્યાણ તથા ઈષ્ટ કરનાર, પોતાના હસ્ત વડે (બળિરાજાના યજ્ઞમાં) જેમણે ઉદક લીધું છે એવા, અજ્ઞાનને નષ્ટ કરનાર, લક્ષ્મીજીનું રંજન કરનાર, (ગોકુળમાં) ધેનુઓનું પાલન કરનાર એવા હરીને હું નિત્ય નમન કરૂં છું. ૧

तारोपभोगरसिकाय रसात्मकाय
जैवातृकाय शिवमौलिलसत्कराय।
सद्भासितोज्ज्वलगुणाय सुधाधराय
कृष्णान्तरंगवपुषे विधवे नमोऽस्तु ॥ २ ॥

ચંદ્રપક્ષ—તારા જે બૃહસ્પતીની સ્ત્રી તેનો ઉપભોગ કરવામાં રસિક, જલસ્વરૂપ, જૈવાતૃક જેનું નામ છે એવા, શંકરના મસ્તક પર જેના કિરણો શોભે છે, નક્ષત્રોમાં જેના ઉજ્જવલ કિરણો પ્રકાશમાન છે તથા અમૃતને ધારણ કરનાર, જેના શરીરના મધ્ય ભાગમાં કાળો ડાઘ છે એવા ચંદ્રને મારા પ્રણામ હોજો.

કૃષ્ણપક્ષ—તાલફલો[1] ભક્ષણ કરવામાં રસિક, રસરૂપ આયુષ્માન એટલે નિત્ય, શંકરના મસ્તક પર જેમનો હસ્ત શોભે છે (વિષ્ણુ જ્યારે શંકરની પૂજા કરે તે વખ... સત્પુરૂષોમાં જેમના દયા વગેરે ઉજ્જવલ ગુણો શોભી રહેલા ...ના અધરમાં અમૃત છે એવા, (સ્નાન કરવા માટે) જે ...માં રહેલું છે એવા હરીને મારા પ્રણામ ... ૨

---

૧ સંસ્કૃતમાં ર અને લ.માં ભેદ નથી મ... છે.

विं०न. ३

रक्ताऽरक्तमतये स्वजनावनार्थ
मुन्मेषिणे सकलमित्रगुरुप्रियाय ।
सन्मंगलाय कमलाधिकभावनाय
सोमाप्रियाय नातेरसु धराभवाय ॥ ३ ॥

મંગળપક્ષ—લાલ વસ્તુઓ પર જેનું ચિત્ત પ્રીતિ રાખે છે, સ્વજનનું રક્ષણ કરવાને જે પ્રકાશે છે, ચંદ્ર, સૂર્ય, બૃહસ્પતિ વિગેરે જેને પ્રિય છે, કમલો પર જેની વિશેષ પ્રીતિ છે, ચંદ્રને જે પ્રિય છે તથા પૃથ્વીથી જન્મેલા, ઉત્તમ મંગળ નામક ગ્રહને મારા નમસ્કાર હોજો.

કૃષ્ણપક્ષ—પોતાનાપર પ્રેમ રાખનાર મનુષ્યોપર જે પ્રીતી રાખે છે, ભકતજનોનું રક્ષણ કરવાને જે પ્રકાશે છે (એટલે અવતાર ધારણ કરે છે,) સર્વ મિત્રો તથા ગુરૂને પ્રિય, સત્પુરૂષોનું કલ્યાણ કરનાર, શંકરને પ્રિય, અને પૃથ્વીપર અવતરેલા તથા લક્ષ્મીની જેનાપર વધારે પ્રીતિ છે એવા હરિને મારા પ્રણામ હોજો. ૩

स्तो. ३

सौम्यात्मने सितकरान्वयभूषणाय
कन्याधिपत्यरुचये कविमित्रकाय।
अक्रूरगीतचरिताय बुधेडिताय
तस्मै मनोज्ञवपुषे नतिरस्तु भूयः ॥ ४ ॥

બુધપક્ષ—ચંદ્રના પુત્ર. ચંદ્રવંશના ભૂષણરૂપ, કન્યા (રાશી) ના આધિપત્યથી શોભતા, શુક્રના મિત્ર, શાન્ત પુરૂષો જેનુ ચરિત્ર વર્ણન કરે છે, સુંદર શરીરવાળા, બુધ એ નામથી સ્તવન કરાએલા ગ્રહને મારા વારંવાર પ્રણામ હોજો.

કૃષ્ણપક્ષ—શાન્ત સ્વરૂપ, ચંદ્રવંશના ભુષણરૂપ, (ગોપાલોની) કન્યાઓના આધિપત્યથી શોભતા, જ્ઞાની પુરૂષોના મિત્ર, અક્રૂર નામક યાદવે જેનું ચરિત્ર વર્ણવેલું છે, પંડિત પુરૂષોથી જે સ્તુત છે એવા સુંદર શરીરવાળા હરીને મારા પ્રણામહોજો. ૪

पीतांबराभिरुचये सुमनोर्चिताय
गोपाग्रगाय सुरतोत्सवदायकाय ।
वैचित्र्यवीर्यचरिताय च वश्यवाचे
नॄचेतरेप्सितपुषे गुरवे नमोऽस्तु ॥ ५ ॥

ગુરૂપક્ષ—પીળું વસ્ત્ર જેને પ્રિય છે, દેવોએ જેની પૂજા કરેલી છે, સ્વર્ગપાલક ઇંદ્રની આગળ ચાલનાર, દેવતાઓને આનંદ આપનાર, જેનું પરાક્રમ તથા ચરિત્ર વિચિત્ર છે અને વાણી જેમને સ્વાધીન છે તથા શ્રેષ્ઠ મનુષ્યોની ઇચ્છા પુર્ણ કરનાર એવા ગુરૂ એટલે બૃહસ્પતિને નમસ્કાર હોજો.

કૃષ્ણપક્ષ—પીતાંબરથી શોભતા, દેવોથી પુજાએલા. ગોપોની આગળ ચાલનાર, (ગોપીઓને) સુરતોત્સવ આપનાર, ચિત્ર વિચિત્ર પરાક્રમ તથા ચરિત્રથી યુક્ત, વેદ વાણી જેમને સ્વાધીન છે, અને શ્રેષ્ઠ પુરૂષોની અભિલાષા પુર્ણ કરનાર એવા શ્રેષ્ઠ જે હરી તેમને નમસ્કાર હોજો. ૫

बल्युन्नतास्थितिधिये सुरसंघपात्रे
दात्रे सदा शिवपदस्य निजांघ्रिभाजां ।
पूर्व[illegible]र्चितपदाय सुखे दयाय
भोजाधिपाय भुवि सत्कवये नमोऽस्तु ॥ ६ ॥

શુક્રપક્ષ—બળિરાજાની ઉત્તમ સ્થિતિને ઇચ્છતા, દૈત્ય સમૂહનું રક્ષણ કરનાર, પોતાના ચરણ સેવકોને નિરંતર કલ્યાણ કારક સ્થાન પ્રાપ્ત કરી આપનાર, દૈત્યો વડે જેમના ચરણો પુજાએલા છે એવા, ઉતમ આકાશમાં ઉદય પામતા, પૃથ્વીપર ભોજ દેશના અધિપતી એવા ઉત્તમ શુક્ર ગ્રહને મારા નમસ્કાર હોજો.

કૃષ્ણપક્ષ—બળિરાજાની ઉચ્ચ સ્થિતીને ઇચ્છતા, દેવ સમૂહને રક્ષણ કરનાર, પોતાના ચરણ સેવકોને મોક્ષ સ્થાન આપનાર, પુર્વ દિશાનો અધિપતી ઇંદ્ર તેણે જેના ચરણનું પુજન કરેલું છે, તથા જેમનો ઉદય એટલે અવતાર (લોકોના) સુખને માટે થાય છે અને ત્રિકાળજ્ઞાની એવા યદુકુળના અધિપતીને નમસ્કાર હોજો. ૬

श्याम म्बराहितदशो कविसौम्यदत्ता
मोदाय काम मदयाय विराधिवर्गे ।
भृत्याखिलार्ति हरणोत्सविने नमो मे
कृष्णाय कृष्णवपुषेऽस्तु शनैश्चराय ॥ ७ ॥

શનિપક્ષ—કૃષ્ણ વસ્ત્રપર દ્રષ્ટિ આપનાર (કૃષ્ણ વસ્ત્ર જેને પ્રિય છે,) શુક્ર અને બુધને આનંદ આપનાર, શત્રુ સમૂહ વિષે ઘણા નિર્દય, સેવકોની સર્વ પીડા દૂર કરવામાં ઉત્સાહવાળા, કૃષ્ણ એટલે કાળું છે શરીર જેનું તથા કૃષ્ણ એ નામવાળા શનૈશ્ચર ગ્રહને મારા પ્રણામ હોજો.

કૃષ્ણપક્ષ—(ગોપી વસ્ત્રહરણ લીલા વખતે) સ્ત્રીઓના વસ્ત્રોપર જેની દ્રષ્ટી છે એવા, જ્ઞાની તથા શાંત પુરૂષોને આનંદ આપનાર, શત્રુઓ વિષે ઘણા નિર્દય, સેવકોની સર્વ પીડા નિવારણ કરવામાં ઉત્સાહવાળા, કૃષ્ણશરીરવાળા, મંદમંદ ચાલતા કૃષ્ણને મારા નમસ્કાર હોજો. ૭

कृष्णात्विषे सुरसमीहितभेदभाजे
स्वच्छंदगुप्तगतये सुरतामृताप्त्यै ।
निर्देहभाव रुचये सकलोन्मुखाय
प्राक् सैंहिकेयवपुषेऽस्तु नमोऽनिशं मे ॥ ८ ॥

રાહુપક્ષ—કાળી કાન્તિવાળા, દેવની ઇચ્છાનો નાશ કરનાર, દેવત્વ તથા અમૃતની પ્રાપ્તિ થવા માટે સ્વેચ્છા મુજબ જેની ગતી ગુપ્ત છે એવા, દેહરહિત શોભતા, ચંદ્રને અનુકૂલ એવા રાહુને પ્રથમ મારા નિરંતર પ્રણામ હોજો.

કૃષ્ણપક્ષ—કાળી કાન્તિવાળા, દૈત્યની ઇચ્છાનો ભંગ કરનાર સુરતરૂપી અમૃતની પ્રાપ્તિ થવા માટે સ્વચ્છંદથી જેની ગતી ગુપ્ત છે, પોતે દેહરહિત છે તથાપિ શોભતા, ગાયન નૃત્ય વગેરે કળાથી યુકત અને ઉત્કૃષ્ઠ મુખવાળા, અને પ્રથમ જેમણે નરસિંહરૂપ ધારણ કરેલું છે એવા હરીને મારાં નિરંતર પ્રણામ હોજો. ૮

धूम्रध्वजाय निखिलासुर [illegible]
मभ्रत्विषे [illegible]शमनंत विराजिताय।
भूयो ह्यदृश्य गतये खगकेतवे मे
प्रेम्णा नमोऽस्तु सततं सकलेष्टसिद्ध्यै ॥ ९ ॥

કેતુપક્ષ—ધૂમ્રવત્ જેનો ધ્વજ છે, તથા સર્વ દૈત્ય સમુહમાં જેની કાંતિ મેઘ જેવી છે, અને આકાશમાં અત્યંત શોભતા જેની ગતિ વારંવાર અદ્રશ્ય થાય છે એવા, ગ્રહોમાં કેતુનામક ગ્રહને, સર્વ ઇષ્ટ કામના પુર્ણ થવાને પ્રેમથી મારા નમસ્કાર હોજો.

કૃષ્ણપક્ષ—સર્વ દૈત્ય સમૂહને અગ્નિરૂપ, મેઘશ્યામ, શેષથી અત્યંત શોભતા, જેની ગતિ એટલે સ્વરૂપ જ્ઞાન અદ્રશ્ય છે, એવા ગરૂડધ્વજને સર્વ ઈષ્ટ સિદ્ધ થવાને મારા પ્રણામ હોજો. ૯

ग्रहानुकूल्यप्रतिकूलते यद्यस्यानुकूल्यप्रतिकूलताभ्यां।
सिद्धेजनानां विधुमेव तस्मात्स र्वात्मनाहं शरणं प्रपद्ये॥१०॥

ચંદ્રપક્ષ—જેની અનુકૂલતાથી લોકોને ગ્રહો અનુકૂળ તથા પ્રતિકૂલતાથી પ્રતિકૂલ હોય છે એવા ચંદ્રને હું તે કારણથી સર્વ રીતે શરણ જાઉં છું.

કૃષ્ણપક્ષ—જેની અનુકુલતાથી ગ્રહો તથા અતિ ગ્રહો એ- સ્તો.
વિ૦ન. ટલે ઇંદ્રિયાદિક તથા તેના વિષયો (બૃહદારણ્યકોપનિષદમાં ઇંદ્રિયો
તથા તેમના વિષયોને ગ્રહ અને અતિગ્રહ એવી સંજ્ઞા આપી છે.)
૧૦ અનુકુળ હોય છે તથા જેની પ્રતિકૂળતાથી પ્રતિકુળ હોય છે એવા
કૃષ્ણને હું તે કારણુથી સર્વ રીતે શરણ જાઉં છું. ૧૦

किंतैर्ग्रहैः स्थितिवशा दिह ये दिशन्ति
लोकेशुभाशुभफलं लघुकालभोग्यं।
यस्तापहार्यमृतदो निजपादभाजां
तं कः श्रयेत न विधुं सुखसंपदिच्छुः ॥ ११ ॥

ચંદ્રપક્ષ—લોકમાં પોતાની સ્થિતિ પ્રમાણે જે ગ્રહો થોડા વખત સુખી ભોગાય તેવું શુભ અથવા અશુભ ફલ આપે છે એવા ગ્રહોથી શું પ્રયોજન છે?

જે પોતાના કિરણોનું સેવન કરનાર મનુષ્યોનો તાપ દૂર ૧૦
કરે છે અને અમૃત આપે છે એવા ચંદ્રમાનો કયો સુખેચ્છુ પુરૂષ આશ્રય નહિ કરે?

કૃષ્ણપક્ષ—લોકમાં પોતાની સ્થિતિને અનુસરી જેઓ થોડા વખત સુધી ભોગાય તેવું શુભ અથવા અશુભ ફળ આપે છે એવા ગ્રહોથી શું છે ? જે પોતાના ચરણ સેવકોના તાપને દૂર કરી મોક્ષ આપે છે એવા કૃષ્ણનો કયો સુખેચ્છુ પુરૂષ આશ્રય નહિ કરે ? અર્થાત્ સઘળા કરશેજ. ૧૧

इति विष्णुरूप नवग्रह स्तोत्रं संपूर्णम्.।

छपावि प्रसिद्ध कर्ता

दत्तात्रेय बोवा तांबे सातारकर हरिकीर्तनकर.

ठे. बालाजीरोड रामचंद्रजीना मंदिर पासे—**सुरत.**

सुरत लीमडाचोकमां आवेला धी "**सुंदर**" प्रीन्टींग प्रेसमां

विठ्ठलदास कीकाभाइए मुद्रीत कीया.

॥ समाप्त. ॥